# Ayambil Oli Day 1 - Arihant Pad Vidhi

**પ્રથમ દિવસ - અરિહંત પદ**

જાપ: ઓમ રીમ નમો અરિહંતાણંની વીસ માળા

| |
|---|
| રંગ: સફેદ |
| અનાજ: ચોખા |
| કાઉસગ્ગ: ૧૨ લોગસ્સ |
| ખમાસણા: ૧૨ |
| પ્રદક્ષિણા: ૧૨ |
| સ્વસ્તિક: ૧૨ |



**ખમાસમણાનો દુહો**

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે-
વીરજિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઇ રે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઇ રે.

**શ્રી અરિહંત પદના બાર ગુણ**

1. અશોકવૃક્ષપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
2. પુષ્પવૃષ્ટિપ્રાતિહાર્યસંયુ તાય શ્રી અરિહંતાય નમઃ
3. દિવ્યધ્વનિપ્રાતિહાર્યસંયુતા ય શ્રી અરિહંતાય નમઃ
4. ચામરયુગ્મપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
5. સ્વર્ણસિંહાસનપ્રાતિહાર્યસં યુતાય શ્રી અરિહંતાય નમઃ
6. ભામણ્ડલપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
7. દુન્દુભિપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
8. છત્રત્રયપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
9. જ્ઞાનાતિશયસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
10. પૂજાતિશયસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
11. વચનાતિશયસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
12. અપાયાપગમાતિશયસંયુતાય શ્રી અરિહંતાય નમઃ

**શ્રી અરિહંત પદનું ચૈત્યવંદન**

જય જય શ્રી અરિહંતભાનુ, ભવિ કમલ વિકાશી;

લોકાલોક અરૂપી રૂપી, સમસ્ત વસ્તુ પ્રકાશી. 1
સમુદ્ઘાત શુભ કેવલે, ક્ષય કૃત મલ રાશિ;
શુક્લ ચમર શુચિ પાદસે, ભયો વર અવિનાશી. 2
અંતરંગ રિપુગણ હણીએ, હુયે અપ્પા અરિહંત;
તસુ પદ પંકજમેં રહી, હીર ધરમ નિત સંત. 3

**શ્રી અરિહંતપદ સ્તવન**

ત્રીજે ભવ વિધિસહિતથી, વીશસ્થાનક તપ કરીને રે;
ગોત્ર તીર્થંકર બાંધીયું, સમકિત શુદ્ધ મન ધરીને રે.
અરિહંતપદ નિત વંદીએ, કરમ કઠિન જિમ છંડીએ રે.
જન્મ કલ્યાણકને દિને, નારકી સુખીયા થાવે રે;
મતિ શ્રુત અવધિ વિરાજતા, જસુ ઓપમ કોઇ નાવે રે.
દીક્ષા લીધી શુભ મને, મનઃપર્યવ આદરીયું રે;
તપ કરી કર્મ ખપાઇને, તતખિણ કેવલ વરીયું રે.
ચઉતીશ અતિશય શોભતા, વાણી ગુણ પેંતીશો રે;
અડદશ દોષ રહિત થઇ, પુરે સંઘ જગીશો.
તન મન વયણ લગાઇને, અરિહંતપદ આરાધે રે;
તે નર નિર્ાયથી સહી, અરિહંતપદવી સાધે રે.

**શ્રી અરિહંતપદ સ્તુતિ**

સકલ દ્રવ્ય પર્યાય પ્રરૂપક, લોકાલોક સરૂપોજી,
કેવલજ્ઞાનકી જ્યોતિ પ્રકાશક, અનંત ગુણે કરી પુરોજી;
ત્રીજે ભવ સ્થાનક આરાથી ગોત્ર તીર્થંકર નૂરોજી,
બાર ગુણાકાર એહવા, અરિહંત આરાધો ગુણ ભૂરોજી.